# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી–૩૯૬ ૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## –:: પરિપત્ર::–

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના એકમના અધિકારીશ્રીઓને જણાવવાનું કે, માન. ગુજરાત સરકાર દ્વારા તા.૧૪/૦૫/૨૦૧૩ થી તા.૩૧/૦૫/૨૦૧૩ દરમ્યાન યોજવામાં આવેલ કૃષિ મહોત્સવ–૨૦૧૩ની કામગીરી જે કર્મચારીઓએ પૂર્ણ કરેલ હોય, તેઓએ આ મહોત્સવ દરમ્યાન જે તે તાલુકાના કૃષિ રથો સાથે હાજર રહેનાર કૃષિ તજજ્ઞોના તથા જિલ્લા નોડલ ઓફિસરશ્રીના પ્રવાસબીલ મંજૂર થયેલ પ્રવાસ ડાયરી સહિત અત્રેની કચેરીને તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે. કૃષિ મહોત્સવનું પ્રવાસબીલ મોકલતી વખતે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા વિનંતી છે.

વધુમાં કૃષિ મહોત્સવની કામગીરીના મોનીટરીંગ માટે નિમાયેલ યુનિવર્સિટી અધિકારીશ્રીઓને પણ પ્રવાસબીલ મંજૂર થયેલ પ્રવાસ ડાયરી સહિત અત્રેની કચેરીને તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે.

(૧) પ્રવાસ ડાયરી ઉપર પોતાનો **મોબાઈલ નંબર** અને જે તે **જિલ્લાના નોડલ ઓફિસ**ર તથા **યુનિટ વડાની સહી** હોવી જરૂરી છે.

(૨) કૃષિ મહોત્સવ–૨૦૧૩ સંબંધિત પ્રવાસ સિવાય અન્ય કોઈ પ્રવાસ, પ્રવાસ ડાયરીમાં સામેલ કરવો નહીં.

(૩) કૃષિ મહોત્સવના પ્રવાસના જે તે યુનિટના શકય હોય તેટલા પ્રવાસ બીલો એક સાથે મોકલવામાં આવે તેવી વ્યવસ્થા ઈચ્છનીય છે.

(૪) બાકી રહેતા તમામ કર્મચારીઓએ પ્રવાસ બીલો **તા.૦૫/૦૬/૨૦૧૩** સુધીમાં મોકલી આપવા, જેથી અત્રેની કચેરીને કૃષિ મહોત્સવની ગ્રાન્ટના ખર્ચનો હિસાબ તૈયાર કરવામાં સુગમતા રહે, તો તે બાબતે સહકાર આપવા વિનંતી છે.

વધુમાં આ બાબત આપના તાબા હેઠળના કૃષિ મહોત્સવ–૨૦૧૩ના કૃષિરથ સાથેની ફરજમાં જોડાયેલ કર્મચારીઓના ધ્યાન પર લાવવા નમ્ર વિનંતી છે.

નવસારી.
તારીખ: ૨૨/૦૫/૨૦૧૩.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં.નકૃયુ/વિશિનિ/ડી.૧/ વે. ૫.–૫૩/૨૦૧૩.
નવસારી. તારીખ: ૨૨/ ૦૫ /૨૦૧૩.

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી– ૩૯૬૪૫૦

**નકલ રવાના:–**
અત્રેની કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ તથા તેમની કચેરીના સંબંધિત વૈજ્ઞાનિકશ્રીઓને/અધિકારીશ્રીઓને જાણ કરવા વિનંતી સહ.